## ચોથા વર્ગની કર્મચારીની નિવૃત્તિવય અંગે

શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : એસએસએન-1178/49770-ગ,

તા. 30-3-'83

**ઠરાવ** : સરકારના વર્ગ-4ના કર્મચારીઓની નિવૃત્તિમર્યાદા (સુપર એન્યુએશન એઈજ) 60 વર્ષની મુકરર કરેલી છે. બિનસરકારી માધ્યમિક શાળાના વર્ગ-4ના કર્મચારીઓની પેન્શનયોજનામાં પણ આ નિવૃત્તિની વયમર્યાદા 60 વર્ષની નિયત કરેલી છે. આથી ગ્રાન્ટના હેતુ માટે ઉપરોક્ત બિનસરકારી માધ્યમિક શાળાના વર્ગ-4ના કર્મચારીઓની નિવૃત્તિવયમર્યાદા 60 વર્ષની મુકરર કરવાનો પ્રશ્ન કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતો. પુખ્ત વિચારણા બાદ ગ્રાન્ટ-ઈન-એઈડ કોડ ની કલમ 81.8 નીચે મુજબ સુધારવાનું આથી ઠરાવવામાં આવે છે :

81.8 ''વર્ગ-4 ની કક્ષાના એટલે કે પટાવાળા, પ્રયોગશાળા હમાલ, માળી, ઝાડુવાળો, પગી અને એ કક્ષાના બીજા કર્મચારીઓની નિવૃત્તિમર્યાદા 60 વર્ષની રહેશે.''

આ હુકમો તા. 16-6-'74 થી અમલમાં આવે છે.

આ હુકમો શિક્ષણ વિભાગની સરખા નંબરની ફાઈલ ઉપર નાણા સલાહકારશ્રીની સંમતિ તા. 29-1-'83 ના રોજ મેળવી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, સુભાષ જે. પટેલ

સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ